
Research Guru Volume-11 Issue-1 (June-2017) (ISSN:2349-266X)
PP-113 To 120

# આઝાદીની લડત, શિક્ષણ અને સહકારી ક્ષેત્રે સ્વ. પ્રમોદભાઈ કાનજીભાઈ દેસાઈનું પ્રદાન

ભૂપેન્દ્રભાઈ એસ. પટેલ
મદદનીશ શિક્ષક-શ્રી પી.કે.દેસાઈ વિદ્યાલય, કીમ.
Ph. D. Student (history) V.N.S.G.U., સુરત



જન્મ :૧૫-૧૨-૧૯૧૧ અવસાન : ૦૯-૦૧-૨૦૦૧

## ➢ પ્રસ્તાવના

ઈતિહાસનો અભ્યાસ વર્તમાન પેઢીને ભૂતકાળના અમર અને વીરપાત્રોની, રાષ્ટ્ર અને સમાજસેવાની પ્રવૃત્તિની યાદ અપાવી. આજના સમાજને એ માર્ગે આગળ વધાવાની પ્રેરણા, દિશાસૂચન કરે છે. ભૂતકાલીન પરિસ્થિતિ કે વ્યક્તિનો અભ્યાસ જનસમૂહને પ્રેરણા, માર્ગદર્શન પૂરાં પાડે છે. એ દ્દષ્ટિએ જોઈએ તો પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈને વર્તમાન ઈતિહાસનું અમર અને વીરા પાત્ર ગણાવી શકાય. એમણે રાષ્ટ્ર અને સમાજસેવાની પ્રવૃત્તિને પોતાના જીવાનનું એક અંગ બનાવી દીધું. એમાંજ સમગ્ર જીવન સમર્પિત કરી દીધું.

## ➢ જન્મ

પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈનો જન્મ ૧૫-૧૨-૧૯૧૧ ના રોજ કીમ નજીક કઠોદરા (તા. ઓલપાડ) ગામમાં થયો હતો. પિતાનું નામ કાનજીભાઈ અને માતાનું નામ રાધાબહેન હતું. કાનજીભાઈના બે સંતાન હતા. એક પ્રમોદભાઈ અને બીજા હિતેંદ્રભાઈ (ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન) પ્રમોદભાઈ સૌથી મોટા હતા.

## ➢ પ્રારંભિક જીવન અને શિક્ષણ

પ્રમોદભાઈના પિતા કાનજીભાઈ દેસાઈ સ્વાતંત્ર્ય સેનાની હતા. એટલે વારસામાં જ પ્રમોદભાઈને પિતા તરફથી દેશપ્રેમ, જનસેવા, સાદુ જીવન, ઉચ્ચ ચારિત્ર્ય જેવા ગુણો મળ્યા હતા.

પ્રમોદભાઈ કે. દેસાઈનું વિદ્યાર્થી જીવન સુરત અને મુંબઈમાં વીત્યું. સુરતની ગવર્મેન્ટ હાઈસ્કુલ માં અભ્યાસ કરીને તેમણે મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરિક્ષા પાસ કરી. વધુ અભ્યાસ માટે પ્રમોદભાઈ દેસાઈએ મુંબઈની રોયલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ અને મુંબઈની એલ્ફિસ્ટન કોલેજમાં પ્રવેશ મેળવ્યો. એ સમયે દેશમાં આઝાદીની લડત પૂરજોશમાં ચાલતી હતી. તેનાથી પ્રમોદભાઈ પ્રભાવિત થયા.

પ્રમોદભાઈ દેસાઈ મુંબઈમાં અભ્યાસ કરતા હતા તે દરમિયાન સાયમન કમીશન ૧૯૨૭ ભારત આવ્યું હતું. સાયમના કમિશનની દરખાસ્તને કોંગ્રેસ તથા દેસના નેતાઓએ એકી અવાજે ફગાવી દીધી. "સાયમન પાછો જા" – ના નારા દેશ ભરમાં ગુંજી ઉઠ્યા. મુંબઈમાં સાયમન કમીશના સામે ભારે દેખાવો થયા. બસ ત્યારથી જ અન્ય વિદ્યાર્થીઓની જેમ વિદ્યાર્થી પ્રમોદભાઈ દેસાઈના હૈયામાં પણ આઝાદી માટે કઈક કરી છૂટવાની તમન્ના જાગી. અને તેઓ દેશની આઝાદીની લડતમાં સક્રીય બન્યા.

## ➢ આઝાદીની લડતમાં પ્રમોદભાઈ દેસાઈનું પ્રદાન

પ્રમોદભાઈના પિતાશ્રી કાનજીભાઈ દેસાઈ આઝાદીના લડતના સક્રિય કાર્યકર હતા. તેથી સ્વાભાવિક પણે પુત્રોમાં પણ એ ગુણ આવે. એક પ્રસિધ્ધ કહેવત પ્રમાણે ""મોરના ઈંડાને ચીતરવા ના પડે" " તેવી જ રીતે કાનજીભાઈના ગુણો તેમના પુત્રો પ્રમોદભાઈ દેસાઈ અને હિતેન્દ્રભાઈ દેસાઈમાં ગૂંથાઈ ગયા હતા. પ્રમોદભાઈ દેસાઈનો જાહેર જીવનમાં પ્રવેશ વિદ્યાર્થી અવસ્થાથી જ થઈ ગયો હતો. ગાંધીજીએ દેશવાસીઓને સવિનય કાનૂન ભંગમાં જોડાવા અનુરોધ કર્યો હતો. આ આંદોલનનાં ભાગરૂપે મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરવા

અમદાવાદથી દાંડી(નવસારી) સુધી પદયાત્રા કરી હતી એ દરમિયાન આ દાંડીકૂચ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ઉમરાછી ગામામાં પ્રવેશી હતી.તે સમયે સુરત જિલાની સંપૂર્ણ જવાબદારી કાનજીભાઈ દેસાઈ(પ્રમોદભાઈના પિતાજી) ને સોંપવામાં આવી. તે પદયાત્રા દરમિયાન એક મોટી જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમોદભાઈએ પણ ભાગ લીધો હતો. ત્યારથી તેઓ આઝાદીની લડતથી પ્રભાવિત બન્યા. અભ્યાસ છોડી દિધો અને ઓલપાડ તાલુકામાં કોંગ્રેસ તથા ગ્રામ સેવાનું કાર્ય કર્યું. જાહેર જીવનની આ શરૂઆતની કારકીર્દિના પ્રારંભમાં ઓલપાડમાંથી સત્યાગ્રહીઓ સાથે ઈ.સ. ૧૯૩૦ માં તેમની ધડપકડ થઈ હતી અને તેમને ચારમાસની જેલની સજા કરવામાં આવી હતી. જેલ બહાર નિકળતા જ પુન:રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાઈ ગયા હતાં.

પ્રમોદભાઈ ઓલપાડ તાલુકામાં આઝાદીની લડતને વેગ આપી રહ્યા હતા.તેમાં પુન: વિઘ્ન આવ્યું. ૧૯૩૨ માં ફરી પાછી તેમની ધડપકડ થઈ. બે વર્ષની સજા કરવામાં આવી. સજા પૂરી થયા બાદ બમણા વેગથી તેઓ લડતમાં જોડાયા. તાલુકામાં સંગઠનની કામગીરી તેમણે ઉપાડી લીધી.ગામેગામ ફરીને તેમણે પ્રજામા લડતની ચેતના જાગૃત કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો. લોકોમાંથી દારૂ-તાડીનું વ્યસન દૂર કરવાનાં આશયથી દારૂ-તાડીનાં સ્થળોપર પીકેટિંગ કરી દરૂના પીઠા તોડવાની પ્રવૃત્તિ પણ શરૂ કરી હતી.

થોડા સમય પછી બીજા વિશ્વયુધ્ધના મંડાણ થયા.વાઈસરોયે ૮ ઓગસ્ટ ૧૯૪૦ ના રોજ " ઓગસ્ટ ઓફર" ની જાહેરાત કરી.જે કોંગ્રેસ સહિત મોટા ભાગનાં રાજકીય પક્ષોને હિંદવાસીઓને સંતોષવામાં નિષ્ફળ નીવડી. કોંગ્રેસે તેનો વિરોધ કર્યો. આ વખતે બ્રીટન બીજા વિશ્વયુધ્ધના કપરાં સંજોગોમાંથી પસાર થઈ રહ્યું હતું. કોંગ્રેસ અંગ્રેજ સરકારને વધુ મૂંજવણમાં મૂકવા તૈયાર ન હતી. છતા બ્રિટિસ સરકારે હિંદની સંમતી વગર હિંદને ફરજિયાત ઈંગ્લેન્ડ સાથે યુધ્ધમાં સામે કર્યું હતું. એનો વિરોધ કરવા ૧૧ ઓક્ટોબર ૧૯૪૦ ના રોજ વ્યક્તિગત સત્યાગ્રહની શરૂઆત થઈ. આ સત્યાગ્રહ ચારા તબ્બકામાં વહેચાયેલો હતો. ઓલપાડ તાલુકામાંથી વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે પ્રમોદભાઈ જોડાયા હતા. ૧૯૪૧ માં એમની ધરપકડ થઈ અને જેલની સજા થઈ હતી.

૧૯૪૨ માં જ્યારે ગાંધીજીએ "હિન્દ છોડો" આંદોલનની જાહેરાત કરી ત્યારે સમગ્ર ભારત સહિત ગુજરાતમા ખૂણે ખૂણે આ આંદોલને વેગ પકડ્યો હતો. ઓલપાડ તાલુકામાંથી આ આંદોલનના અગ્રેસરતરીકે પ્રમોદભાઈ હતાં. તેથી ૧૯૪૨ તેમની ફરીથી ધરપકડ થઈ.

ઓલપાડ તાલુકામાંથી તેમનિ કામગીરીની કદરના ભાગરૂપે ૧૯૪૬થી તેમને ઓલપાડ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બનાવવામાં આવ્યા.

ટૂંકમાં જોઈએ તો કુટુંબમાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર હોવાથી છેક બાળપણથી તેમણે અનેક ચળવળમાં ભાગ લીધો હતો. પ્રત્યેક લડતમાં જેલની સજા ભોગવી હતી. ૧૭ વર્ષની નાની ઉમરે તો તેઓ જેલમાં ગયા. આમ, આઝાદીની લડતમાં પ્રમોદભાઈ દેસાઈનું અમુલ્ય પ્રદાન રહ્યુ છે.

## ➢ શિક્ષણક્ષેત્રે પ્રમોદભાઈ દેસાઈનું પ્રદાન

ત્યાગ અને બલિદાનની ઉમદા રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા પ્રમોદભાઈએ આઝાદી પછી ઓલપાડ તાલુકામા અને સુરત જિલ્લામાં સહકારી તથા શિક્ષણની પ્રવૃતિ વિકસાવવામાં પોતાની જીંદગીના બાકીના વર્ષો વિતાવ્યા હતા. સહકારી ક્ષેત્રની માફક ઓલપાડ તાલુકામાં શિક્ષણક્ષેત્રે તેમનું યોગાદાન અમુલ્ય રહેવા પામ્યું હતું. ઓલપાડ તાલુકો આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે પછાત ગણાતો. આઝાદી સમયે ઓલપાડ તાલુકામાં એક પણ માધ્યમિક શાળા ન હતી. જેને કરણે તાલુકાની શૈક્ષણિક પ્રગતિ અવરોધાઈ હતી. આવા સમયે પ્રમોદભાઈની દીર્ઘદ્રષ્ટિને કારણે લોકોની શિક્ષણ વિષયક ભૂખ સંતોષાઈ હતી. આઝાદી સમયે સરકારે ખેડૂતોને જમીન મહેસૂલમાં જે રાહત આપી હતી એ રાહતનો ઉપયોગ પ્રમોદભાઈની સમજાવટથી શિક્ષણના ક્ષેત્રે વાપરવાની ખેડૂતોએ સંમતિ આપી. જેને પરિણામે ઓલપાડ ખાતે તાલુકાની પહેલી માધ્યમિક શાળા (મહાદેવશાશ્ત્રી વિદ્યાલય ઓલપાડ) બનાવવામાં આવી. જેનું શ્રેય પ્રમોદભાઈને ફાળે જાય છે. તેમના પ્રયાસથી જ ઓલપાડતાલુકા આઝાદદીન સ્મારક કેરવણી મંડળની સ્થાપના કરવામાં આવી. આ મંડળના નેજાહેઠળ તાલુકામાં ૧૨ થી ૧૫ જેટલી માધ્યામિક,ઉચ્ચતળ માધ્યામિક શાળાઓ ચાલે છે. આ ઉપરાંત આ કેરવણી મંડળ સંચાલિત સોંદામીઠા આશ્રમશાળા પણ ચલાવવામાં આવે છે. સમાજના નબળા વર્ગના પછાત વર્ગના બાળકો માટે શિક્ષણની સાથે સાથે નિવાસની પણ સગવડ કરવામાં આવી છે. તાલુકાના વિદ્યાર્થીઓને કોલેજ શિક્ષણ માટે બહાર ના જવુ પડે તે માટે પ્રમોદભાઈના પ્રયાસોને લીધે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઓલપાડની સ્થાપના કરવામાં આવી જે છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત છે. ઓલપાડ તાલુકાના ઔદ્યોગિક વિસ્તાર સમાં કીમ (તાલુકો-ઓલપાડ)ખાતે કીમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈ વિદ્યાસંકુલ, કીમ આવેલું છે. જેમાં આજીવન પ્રમુખ તરીકે પ્રમોદભાઈએ સેવા આપી હતી. કીમ તથા આજુબાજુના ગામોના વિદ્યાર્થીઓ માટે આ શાળા શિક્ષણનું ધામ બની ગયું.

આમ, પ્રમોદભાઈ કે. દેસાઈએ શૈક્ષણિક ક્ષેત્રે ઓલપાડ તાલુકામાં મહત્વનું યોગદાન આપ્યુ હતું. જેના થકી આજે ઓલપાડા તાલુકાના વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ શક્યા અને પોતાના જીવનનો વિકાસ સાધી શક્યા. પ્રમોદભાઈ દેસાઈએ શિક્ષણ જગત માટે ઓલપાડ તાલુકને ઘણીબધી સંસ્થાઓ આપી. ઓલપાડ તાલુકાના ગરીબ બાળકોને શિક્ષણમય બનાવવાનું ભગીરથ કાર્ય કર્યું.આમ પ્રમોદભાએ કે. દેસાઈ માત્ર સ્વાતંત્ર સેનાની ના હતા,પણ સાચા અર્થમાં શિક્ષણના જીવ હતા. વિવિધ શિક્ષણ સંસ્થાઓમાં પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે રહીને શિક્ષણને રાજકારણથી દૂર રાખી શિક્ષણના પ્રસાર માટે અમૂલ્ય સેવા આપી હતી.આમ, પ્રમોદભાઈ કે. દેસાઈનું ઓલપાડ તાલુકામાં શૈક્ષણિકક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન રહેલું છે.

- **સહકારી ક્ષેત્રે પ્રમોદભાઈ કે. દેસાઈનું પ્રદાન**

પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈએ ઓલપાડ તાલુકામાં તેમજ સુરત જિલ્લામાં સહકારી ક્ષેત્રે અનેક સંસ્થાઓની સ્થાપનાથી માંડી તેમને પ્રગતિના સોપાનો સર કરાવવા ઘણા વર્ષો સુધી અમૂલ્ય સેવા પૂરી પાડી હતી. ઓલપાડ તાલુકા તથા સુરત જિલ્લાની અનેક મહત્વની સહકારી સંસ્થાઓને એમણે કુશળ નેતૃત્વ પુરૂ પાડ્યું હતું. તેમનામાં રહેલી દીર્ઘદ્ષ્ટિ, સ્વચ્છ વહિવટ તથા ઉદારતાને લીધે તાલુકાની સહકારી સંસ્થાઓએ ટૂંક સમયમાં અનેક સિધ્ધિઓ હાંસલ કરી હતી.તેથી પ્રમોદભાઈ સહકારી ક્ષેત્રના ઈતિહાસમાં ભિષ્મ પિતામહનું બિરુદ પામ્યા હતા.

તેમના નેતૃત્વમાં લોકોને સંપૂર્ણ વિશ્વાસ હતો. જેને પરિણામે વિવિધ સહકારી સંસ્થાઓમાં આજીવન બીનહરીફ ચૂંટાતા રહ્યા. આ પદ છેક સ્વૈચ્છિક નિવૃત્તિ સુધી શોભાવતા રહ્યા.ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ. સ્પિનિંગ મિલ્સ લિ. ધી પુરુષોત્તમ ફાર્મસ કો.ઓ. કોટન જિનિંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી, ધી ઓલપાડ ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ., ધી મૂળદ વિભાગ કો.ઓ. કોટન સેલ સોસાયટી લિ., કીમ વિભાગ સહકારી ખેતીપાક રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળી, ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક લિ., ધી સુરત ડિસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. એસોશિયેશન લિ. જેવી અનેક સહકારી સંસ્થામાં પ્રમુખ, ઉપપ્રમુખ, તથા બોર્ડના સભ્યો જેવા મહત્વના સ્થાનો પર બિનહરીફ નિયુક્તિ પામ્યા હતા. ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓ. સ્પિનિંગ મિલનાપ્રમુખ તરીકે ૧૯૬૪ સુધી સેવા આપી. આ મીલને દેશની સહકારીક્ષેત્રની મીલોમાં અગ્રસ્થાને મૂકી હતી. તેઓએ ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો. ઓ. બેંકનાપ્રમુખ તરીકે જીવનના અંતિમકાળ સુધી સેવા આપી હતી. તેમણે વિવિધ સહકારી સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દા પર જે સેવા આપી હતી તેનો ટૂકો ઈતિહાસ આ પ્રમાણે છે.

| ક્રમ | સંસ્થાનું નામ | હોદ્દો | હોદ્દાની મુદત |
|---|---|---|---|
| ૧ | ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓ. સ્પિનિંગ મિલ્સ લિ. | ચીફ પ્રમોટર તથા પ્રમુખ | સન્ ૧૯૬૪-૬૫ થી ૧૯૭૪-૭૫ સુધી |
| ૨ | ધી પુરુષોત્તમ ફાર્મસ કો.ઓ. કોટન જિનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી | પ્રમુખ | સન્ ૧૯૫૯ થી ૧૯૭૧ સુધી |
| ૩ | ધી ઓલપાડ ચોર્યાસી તાલુકા ખ.વે સંઘ લિ. | પ્રમુખ | સન્ ૧૯૪૯ થી ૧૯૭૪ સુધી |
| ૪ | ધી મુળદ વિભાગ કો.ઓ.કોટન સેલ્સ સોસાયટી લિ. | મેનેજિંગ બોર્ડના સભ્ય | સન્ ૧૯૫૨ થી ૧૯૮૪ સુધી |
| ૫ | કીમ વિભાગ સહકારી ખેતી પાક રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળી લિ. | મેનેજિંગ બોર્ડના સભ્ય | સન્ ૧૯૫૯ થી ૧૯૮૪ સુધી |
| ૬ | ઓલપાડ તાલુકાઆઝાદ દિન સ્મારક કેળવણી મંડળ | પ્રમુખ | સન્ ૧૯૪૮ થી મૃત્યુ પર્યંત |
| ૭ | સાધના કુટીર કોટેજ હોસ્પિટલ કીમ | પ્રમુખ | સન્ ૧૯૫૩ થી મૃત્યુ પર્યંત |
| ૮ | કીમ એજ્યુકેશન સોસાયટી | ઉપપ્રમુખ | સન્ ૧૯૫૦ થી ૧૯૫૨ સુધી |
| ૯ | ધી સુરત ડિસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. એસોશિયેસન લિ. | પ્રમુખ, ઉપપ્રમુખ,ડાયરેક્ટર | ૧-૭-૬૭ થી ૩૦-૬-૭૪ સુધી |

આમ, પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈએ ઉપરોક્ત સહકારી સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દાઓ ઉપર નિસ્વાર્થ સેવા આપી. તાલુકા તથા સુરત જિલ્લામાં સંસ્થાઓના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. એને કારણે સહકારી ક્ષેત્રના ઈતિહાસમાંતેઓ ભિષ્મપિતામહનું સ્થાન પામ્યા હતા.સહકારી ક્ષેત્રના ભેખધારી તરીકે પણ તેમને ઓળખવામાં આવે છે. સ્વચ્છ વહિવટ કરવાની ત્રેવડ તથા ઉદારતાને લીધે વિવિધ સહકારી સંસ્થાઓમાં આજીવન બિનહરીફ ચૂંટાતા રહ્યા. આમ, પ્રમોદભાઈ કે. દેસાઈએ ઓલપાડ તાલુકામાં અને સુરત જિલ્લાની સહકારી સંસ્થાઓને કુશળ નેતૃત્વ પૂરૂ પાડ્યુ હતું. અને તે દ્વારા લોકોના જીવનધોરણને ઊંચું લાવવા મહત્વની નિ:સ્વાર્થ સેવા બજાવી હતી. આજે પણ સુરત જિલ્લામાં સહકારી ક્ષેત્રે તેમનું નામ ગર્વથી લેવાય છે.

## ➢ પ્રમોદભાઈ કે. દેસાઈનું સામાજિક ક્ષેત્રે પ્રદાન

સહકારી અને શૈક્ષણિક ક્ષેત્રે પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈબું યોગદાન સૌથી વિશેષ પાન્યું તદઉપરાંત સમાજસેવાની માનવતા ભરી પ્રવૃત્તિ ઓ સાથેનો તેમનો નાતો અતૂટ હતો. કીમ ખાતે સાધના કુટિર કોટેજ હોસ્પિટલ સ્થાપનામાં પ્રમોદભાઈનો સિંહ ફાળો રહેવા પામ્યો હતો. આ હોસ્પિટલમાં સમાજના તમામ વર્ગોને પોષાય તેવી તબીબી સુવિધા પુરી પાડવામાં આવી છે.. સમાજસેવા, રાષ્ટ્રસેવાની પ્રવૃત્તિ સાથે જેઓ મૃત્યુ પર્યન્ત જોડઈ રહ્યા હતા. તેમને તાલુકાના લોકોનો જ નહિં પરંતુ સમગ્રભારત વાસના લોકો ભૂલિ શકે એમ નથી. તેમની સેવાની પ્રવૃત્તિની ભારત સરકારે પણ નોંધ લીધી હતી. અને તેથી ૧૯૩૩ માં શ્રીપ્રમોદભાઈ દેસાઈને ભરત સરકારના તે સમયના ગૃહમંત્રી શ્રી શંકરલાલ ચૌહાણના હસ્તે " કાકાસાહેબ ગાડગીલ રાષ્ટ્રીય એવોર્ડ" એનાયતા થયો હતો.

## ➢ સમાપન

સ્વાતંત્ર્યસેનાની, સહકારીક્ષેત્રના ભીષ્મ પિતામહ, સમાજવાદના સ્વપ્નદ્રષ્ટા, સાદગી સંયમ અને સેવાની સૌમ્યમૂર્તિ, સહકારી ઋચિકર્મિ દધીચિ, આમ આદમીની અસ્મિતાના જાગ્રત પહરી, શિક્ષણ ક્ષેત્રના મૂલ્ય નિષ્ઠ અધિષ્ઠાતા, આજીવન ગાંધીવાદી રંગે રંગાયેલા ગાંધીયુગના આદર્શ નેતાશ્રી પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈનું તા. ૦૯-૦૧-૨૦૦૧ ના રોજ આકસ્મીક અવસાન થતા ઓલપાડ તાલુકાએ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતે એક અદના સમાજસેવક અને સહકારી ક્ષેત્રના પ્રથમ હરોળના નેતા ગુમાવ્યા.આજે પણ લોકો ગર્વથી તેમનુંનામ લે છે. અને યાદ કરે છે. ધન્ય છે આવા વિરસપૂતોને જયહિંદ.

## સંદર્ભ ગ્રંથો : સંદર્ભ સૂચિ

૧. સ્વ.કાનજીભાઈ દેસાઈ 'જીવન અને કાર્ય'
લેખક : ડૉ. રવીન્દ્રકુમાર
પ્રકાશક :સુરૂચિ ટ્રસ્ટ ૧૦/૬૨૬, હવાડિયા ચકલા, અંબાજી રોડ, સુરત.
આવૃત્તિ : પ્રથમ
વર્ષ : જુલાઈ-૨૦૦૪
પૃષ્ઠ નં. ૪૬
૨. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઓલપાડ પ્રકાશિત કોલેજનું મુખપત્ર "પાથેય"
અંક-૪, વર્ષ-૨૦૦૦-૦૧.
પાના નંબર – ૬,૭,૮
પ્રકાશક : શ્રી ઈશ્વરભાઈએમ. પટેલ (આચાર્ય)
૩. ઓલપાડ તાલુકા આઝાદ દીન સ્મારક કેરવણી મંડળ સંચાલિત
શ્રી સિધ્ધ સોમેશ્વર વિદ્યાલય દ્વારા પ્રકાશિત શિવાંજલિ અંક વર્ષ – ૨૦૦૪-૦૫, પાના નં. ૩૭,૩૮
૪. કીમ એજ્યુકેશનસોસાયટી સંચાલિત પી.કે. દેસાઈ વીદ્યાલય, કીમ દ્વારા પ્રકાશિત મેગેઝિન "સવાગી શિક્ષણ" પાના નં ૧ થી ૭, વર્ષ-૨૦૦૧
૫. ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકો
ડૉ. જયકુમાર શુક્લ
યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ
૬. "સહકાર સૌરભ વર્તમાનપત્ર"
(પાના નં. ૫,૬)